જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૬/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૭૭૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૯૪ લીટર દેશી દારૂ, ૨૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ ઝડપી રોકડ રૂપિયા ૪૦૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૭૮૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૩૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૭૮૧/૨૦૨૬**

નવરંગપુરાઃ ચિંતનકુમાર દસરથલાલ બારોટ (ઉ.વ.૩૦) (રહે. બારોટવાસ મુ–સોતમલા તા–ડીસા જી–બનાસકાંઠા) એ તા.૦૩/૦૬/૨૦૨૬ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૪/૨૦૨૪ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા સી.જી.રોડ, સ્ટેડીયમ સર્કલ D&C DYNASTY ખાતે આરોપી (૧) અખિલ સુભાષ ચતુર (૨) નીતાબહેન સુભાષ ચતુર અને (૩) ઉમંગીબહેન અશ્વિનભાઈ મોદી (ત્રણેય રહે–૧૨ નીલગગન ટાવર મેનેજમેન્ટ એન્કલેવ વસ્ત્રાપુર) નાઓએ ભેગા મળી ચિંતનકુમાર બારોટને લકસમબર્ગ અને બાદમાં ફિનલેન્ડ ખાતેના વર્ક પરમીટ વિઝા અપાવવાનો ભરોષો અને વિશ્વાસ અપાવી ચિંતનકુમાર બારોટની વિઝાની કાર્યવાહી માટે ચિંતનકુમાર બારોટના એજન્ટ તરીકે રહી ચિંતનકુમાર બારોટ પાસેથી રૂપિયા ૪,૦૦,૦૦૦/– મેળવી લેધા હતા. ત્યારબાદ વર્ક પરમીટ વિઝા નહી કરાવતા આપેલ પૈસાની માંગણી કરતા રૂપિયા ૧,૦૦,૦૦૦/– પરત આપી બાકી નિકળતા રૂપિયા ૩,૦૦,૦૦૦/– પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એન.દેસાઈ ચલાવે છે.

બાપુનગરઃ કિશોરભાઇ સોમાભાઇ પરમાર (ઉ.વ.૬૩) (રહે. ગુ.હા.બોર્ડ શાળા નંબર– ૯,૧૦ મ્યુની. સ્કુલની બાજુમાં બાપુનગર) એ તા.૦૩/૦૬/૨૦૨૬ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૬/૨૦૨૧ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી તુષારભાઇ (તુષારકાન્તા) સુકાન્તા મહાપાત્ર (રહે. ઇન્દીરાનગર વિભાગ–૦૧ લાંભા દસ્ક્રોઈ અમદાવાદ) એ કિશોરભાઇ પરમારના નામે એસ.બી.આઇ. આશ્રમ રોડ બ્રાંચ ખાતેથી ક્રેડિટ કાર્ડ લઈ કિશોરભાઇ પરમારને વિશ્વાસમા લઇ કિશોરભાઇ પરમારની સંમતી વિના ક્રેડીટ કાર્ડમા તેનો મોબાઈલ નંબર તથા ઇ–મેલ આઇડી બદલી તેમના મોબાઈલ નંબર પર ઓ.ટી.પી. મેળવી કિશોરભાઇ પરમારના ક્રેડીટ કાર્ડમાંથી કુલ રૂપિયા ૨૨,૭૧,૦૦૦/– નો વ્યવહાર કરી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રે એસ.જી.ખેર ચલાવે છે.

શાહીબાગઃ રાકેશભાઇ પ્રવિણભાઇ પટણી (ઉ.વ.૨૯) (રહે. વૈશાલી ફ્લેટ લીલાનગર પાસે બાપુનગર) એ તા.૦૩/૦૬/૨૦૨૬ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૮/૨૦૨૧ થી તા.૧૪/૦૮/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન તનુપરી સ્ક્રેપ ટ્રેડર્સ ઠેકાણુ.કોલસાનુ ડહેલુ,અસારવા ખાતે આરોપી તનુપરી સ્ક્રેપ ટ્રેડર્સના માલીક (૧) મુકેશભાઇ દિનાજી ઠાકોર (રહે. કોલસાનુ ડહેલુ અસારવા) જય અંબે સ્ક્રેપ ટ્રેડર્સના માલીક (૨) જુબીન બારોટ (રહે. આમ્રપાલી ફ્લેટ બાપુનગર) અને (૩) તેજસ રાજેન્દ્રભાઇ પટેલ (રહે. રામેશ્વર સોસાયટી ડફનાળા રોડ મધુવન કંપાઉન્ડ પાસે શાહીબાગ) એ ભેગા મળી ઇન્ડુસ ટાવર અને સુજલોન પ્રા.લી કંપનીમાંથી સ્ક્રેપના માલની ખરીદી કરી જે સ્ક્રેપનો માલ વેચાણથી ફરિયાદીને આપવાનો પાકો વિશ્વાસ ભરોસો આપી ઉપરોકત કંપનીમાંથી ટેન્ડર પાસ કરાવવાના ખર્ચા પેટે રાકેશભાઇ પટણીની શ્રીકાલીકા એન્ટરપ્રાઇઝ નામની ફર્મમાંથી ટુકડે-ટુકડે રૂપિયા કુલ રૂપિયા ૧,૧૪,૧૨,૦૦૦/- મેળવી લઇ તે પૈકી રૂપિયા ૩,૩૦,૦૦૦/- પરત આપી બાકી નિકળતા રૂપિયા ૧,૧૦,૮૨,૦૦૦/- પરત નહી આપી છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.એચ.સિંઘવ ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર ચાદી નં.૭૮૨/૨૦૨૬**

બોડકદેવઃ પ્રકાશભાઇ હીરાભાઇ પરમાર (ઉ.વ.૪૩) (રહે. ગામ-કોચાડા તા-પાટડી જી-સુરેન્દ્રનગર) એ તા.૦૩/૦૬/૨૦૨૬ ના રોજ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૫/૨૦૨૬ સવારના ૧૦/૩૦ થી તા.૧૫/૦૫/૨૦૨૬ સવારના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સિંધુભવન રોડ આઇકોનીક ટેન ટેન હોસ્પીટલમાં સારવાર માટે આવ્યા હતા દરમ્યાન ચોથા માળે દર્દીના રૂમમાંથી પ્રકાશભાઇ પરમારના માતાના સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રૂપિયા ૪૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૯,૦૦૦/- મતાની અજાણી વ્યકિત ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી જોગેન્દ્રસિંહ પ્રવિણસિંહ ચલાવે છે.

ઓઢવઃ વિજયકુમાર ચુનીભાઇ ડોબરીયા (ઉ.વ.૪૦) (રહે. ગ્રાન્ડ પુષ્કર શાહી કુટીર પાછળ સ્વર્ણીમ વિલા સામે નિકોલ) એ તા.૦૩/૦૬/૨૦૨૬ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ઓઢવ એસ.પી.રીંગરોડ મારૂતીનંદન હોટેલ પાછળ વિશાલા એસ્ટેટ શેડ નં-૧૩૨ ખાતે આવેલ વિજયકુમાર ડોબરીયા નાઓની "વી.બી.ટ્રોન ઓટો મેશન પ્રા.લી." કંપનીમાં મેનેજર તરીકે કામ કરતા સાહીલ રમેશભાઇ ગજેરા (રહે. સાર્થક એપાર્ટમેન્ટ અમરજવાન સર્કલ પાસે નિકોલ) નાઓએ માહે નવેમ્બર-૨૦૨૫ થી તા.૨૮/૦૫/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન વી.બી.ટ્રોન ઓટો મેશન પ્રા.લી.કંપનીમાંથી ડીજીટલ મીટર, ડીજીટલ સ્ટાર્ટર, સ્ટાર્ટર પેનલ, પ્રોગ્રામર મશીન તેમજ અન્ય મટીરીયલ મળી કુલ કિમત રૂપિયા ૧૮,૪૫,૮૪૫/- ચોરી કરી લઈ ગયેલ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.આઇ.પટેલ ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુઃ- **સમાચાર ચાદી નં.૭૮૩/૨૦૨૬**

ચાંદખેડાઃ હરીશ સ/ઓ શાંતિલાલ મહાવર (ઉ.વ.૪૦) (રહે. બાપુનગર) તા.૦૨/૦૬/૨૦૨૬ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે ચાંદખેડા મોટેરા કોટેશ્વર ખાતે કેર ઓટો નામના ગેરેજમાં ફોર-વ્હિલર ગાડીની નીચે કામ કરતા હતા ત્યારે વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને એસ.એમ.એસ.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી આનંદકુમાર પરસોતમભાઈ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૭૮૪/૨૦૨૬**

ઘાટલોડીયાઃ ઉત્સવ ઉદયભાઇ ઠાકોર (ઉ.વ.૨૬) (રહે. વૃંદાવન એપાર્ટમેન્ટ અર્બુદાદેવી ફ્લેટની નજીક ઘાટલોડીયા ગામ) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૬/૨૦૨૬ કલાક ૦૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી નારણભાઇ નવઘણભાઇ ચલાવે છે.

નારોલઃ દક્ષાબહેન સુરેશભાઇ પરમાર (ઉ.વ.૨૯) (રહે. આનંદનગર માવતર ડેરી પાસે નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૬/૨૦૨૬ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એન.સેરશીયા ચલાવે છે.

આનંદનગરઃ વેજલપુર મકરબા ફાટક પાસે કૃષ્ણધામ ઔડાના મકાન ખાતે વીજેન્દ્ર સાલવી નાઓના સગીર વયના પુત્રએ અગમ્ય કારણસર તા.૦૩/૦૬/૨૦૨૬ બપોરના ૦૪/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સુરેશભાઇ ગાભાભાઇ ચલાવે છે.

કૃષ્ણનગરઃ ક્રિષ્ણા શશીકાંત વિશ્વકર્મા (ઉ.વ.૧૯) (રહે. ભરવાડવાસ ઈન્દીરાવાસ ગોપાલ ચોક પાસે કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૫/૨૦૨૬ રાતના ૦૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને બોપલ આંબલી બીઆઈટીસી સુપર સ્પેયાલીટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૨/૦૬/૨૦૨૬ સાંજના ૦૭/૪૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કાલિશકુમાર બીપીનભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી